# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૧૯

## કાશ્મીરી કવિતાનાં તાજાં ફૂલોનો ગુલદસ્તો – કાંટાળી ડાળખીઓ કાઢી નાખ્યા વિનાનો. (૨)

*

ગયા અંકમાં જેમની કવિતાનો ઉલ્લેખ કર્યો હતો એવાં સમકાલીન કાશ્મીરી કવિ નિગહત સાહિબાની એક રચનાથી આ લેખની શરૂઆત કરીએ. શીર્ષક છે, 'બંજર ભૂમિ'. કાશ્મીર અને બંજર? ન હોય. પણ કોઈક રીતે એ ભૂમિ બંજર છે, કદાચ, એમ આ નારી કહેતી લાગે છે. તો એને સાંભળીએઃ

*

*બંજર ભૂમિ* / નિગહત સાહિબા

'સાવ પડતર જમીન છે તું તો', તમે બોલ્યા, 'બિનઉપજાઉ.'
દરિયા ઊભરાયા મારી આંખોમાં.

આંસુનું જે ટીપું ટપક્યા વગર અંદરનું અંદર રહ્યું
તેનું બન્યું એક મોતી.
જે ટીપું બહાર આવ્યું એની એક નદી બની.

હું તો હાથમાં એક મશાલ લઈ, સળગતી,
ઘૂમું, વાડ પછી વાડ ઠેકતી, એક પછી એક વંડાઓમાં.
ડાઘ પાડ્યા એમણે મારા અંગે જે, એ બન્યા મારો પોશાક.
આ અજંપો મારો પોતાનો છે, હવે, આ પીડા મારી પોતીકી છે.
અને પછી સત્યનો જે ગજ, એય આગવો ને મારો પોતાનો.

ઈવની બહેન એ હું, હું જ તો ઈશુની મા,
મને કોઈએ જનમ નથી આપ્યો, મેં જનમ આપ્યો છે કેટલાયે પયગંબરોને.
જ્યાં જ્યાં કાંટા ભોંકાયા મને, ખીલવી લીધાં ત્યાં મેં કુસુમો.
જ્યાં થયા મને ઘાવ, ત્યાં ટશિયે ટશિયે પ્રગટી મારી કવિતા.

આ મારું બાપડું હૃદય, મારું આ ખસ્તાહાલ દિલ,
પીડા ભર્યાં મારાં લોચન, મારું વાંઝણું આ શરીર,
ગરભ ધારણ કરે એ તો પીડાનો, એ ધારણ કરે જીવનનાં જળ.
કશું બદલાશે નહીં; ભલે ન બદલાય.
હું તો હમણાં જ સળગાવેલી મીણબત્તી છું.

પણ જેમના હાથમાં ધારદાર સમશેર છે, એમને તો મારે આટલું જ કહેવાનું :
હું ટકી રહીશ છેવટ સુધી.
રોજ રોજ ભલે એ કતલ કરે મારી,
રોજ રોજ નવો નવો જનમ લેતી જોશે એઓ મને.
સૂરજ, પેલો, એ હોય ભલે એમની માલિકીનો,
આ નદી, એયે ભલે હોય એમના તાબામાં,
અને પેલી સમશેર, તીખા ઝંઝાવાત જેવી, એયે ભલે હો એમને હાથ.

હું તો મારે છું દેવદારનું તરુ, પોતાની જાતે જ પાંગરતું.
હું કંઈ વસંત ઋતુમાં જ ખીલનારી વેલી નથી.
એટલે નથી હું પાનખરમાં કરમાનારી નથી.

હું રોઉં પણ ખરી, હસીયે પડું ખડખડાટ.
લેકિન, અય મેરે માલિક,
તારાં કોમળ કિસલયો કરતાં કઈ જ્યાદા જોરથી
હું ખીલી શકું છું, તારી કસમ.

*

(શફી શૌકના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુ. – સિ.)

જોકે આ નવકવિ નિગહત સાહિબાના પ્રશસ્ત પુરોગામી એવા કાશ્મીરી ભાષાના સમર્થ કવિ, દીનાનાથ નાદિમ (૧૯૧૬–૧૯૮૮) આતંકગ્રસ્ત એવા પોતાના વતનની દુર્દશાથી પીડાઈને, આજથી દશકો પહેલાં એક કાવ્યમાં કવિતાની અશક્યતાની વાત કહી ગયા છે. મેઘાણીનું 'હાય રે હાય કવિ'વાળું ગીત યાદ આવે. અથવા થિયૉડોર એડોર્નોને નામે પ્રચલિત થયેલુ પેલું વિધાન કે 'આઉશ્વિત્ઝ પછી કવિતા લખવી અશક્ય બને છે', એ યાદ આવે. ૧૯૮૦ પછીનું આતંકગ્રસ્ત કાશ્મીર એ કવિને નાત્ઝી જર્મનીની આઉશ્વિત્ઝની યાતના શિબિરો જેવું લાગ્યું હશે? દીનાનાથ નાદિમે નવમા દશકમાં લખ્યું:

'નથી ગાવાનો આજે હું ગુલાબનાં ગીત, ગીત બુલબુલનાં,
આઈરિસ અને હિઆસિન્થ ફૂલોનાં ગાણાં યે...
આઈરિસનાં ફૂલોની ત્વચાના ચળકતા જાંબલી રંગ
પર યુદ્ધોની ધૂળની છારી બાઝી ગઈ હોય, જ્યારે,
તોપ ધડાકાઓએ ખેંચી કાઢી હોય બુલબુલોની જીભ જ્યારે / . . . /
પર્વતો

**જ્યારે ભયના માર્યા સંકોચાઈને પોતાના પહોંચાઓ પર**
**અદૂકડા બેસી પડ્યા હોય / . . . / . . . /**

**જ્યારે આતંકીઓ અને હુકમરાનો પોતાની કરડી નજર ખોડીને**
**બેઠા હોય મારા કાશ્મીર પર /**
**ત્યારે હું નથી ગાવાનો કોઈ ગીત.''**

(પ્રો. સોનમ કચરુના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદ. સિ.) આપણે જાણીએ છીએ કે કવિઓનું મૌન પણ ઘણું કહી જતું હોય છે.

પણ એમની એક અનોખી અનુગામી યુવાકવિ, નિગહત સાહિબા ચૂપ નથી રહેતી. પોતાની કાવ્યબાનીને પીડાના એક અતળ ઊંડાણમાં લઈ જઈને બોલતી કરે છે. શેની અને કેવી છે એ પીડા? સમકાલીન કાશ્મીરની નારીના જીવનનાં ઊંડાણમાં જઈને એણે જેને જાણી છે એ વેદના કોઈ પરાયાએ આપેલી પીડા નથી. પોતીકાએ આપેલી છે. અને એમાં કાશ્મીરી નારીની વેદનાનું એક ભારતવ્યાપક, બલ્કે વિશ્વવ્યાપક રૂપ પ્રગટ થયું છે. જાતજાતના જર્નાલિસ્ટો જેમ જેમ નાણું કે નામના મળતાં જાય એમ એમ આ કે તે ધર્મની કાશ્મીરી સ્ત્રીઓ પર, આતંકી લશ્કરે, દેશની સેનાએ કે કોઈએ પણ કરેલા સાચા કે ખોટા અત્યાચારો અંગે લેખો લખે, એ એક વાત થઈ. અલબત્ત, ખરેખર થયેલા કોઈ પણ અત્યાચાર અંગે નિર્ભય અને તટસ્થ રીતે લખનાર પત્રકાર વિના આજે જગતને ચાલવાનું નથી. એવા નિર્ભય-નિસ્વાર્થ પત્રકારો તો આપણી અંતિમ આશા સમા છે.

પણ નારીની વેદનાના કયા ઊંડાણમાં જઈ એક કવિ કેવી રીતે વાત કરે, એ જોવા માટે નિગહત સાહિબાની કવિતાનો આ ઉપાડ જુઓઃ ' ''સાવ પડતર જમીન છે તું તો'', તમે બોલ્યા, ''બિનઉપજાઉ.'' / દરિયા ઊભરાયા મારી આંખોમાં.' અલગાવવાદનો, આતંકવાદનો કે રાજ્યસત્તાનો અત્યાચાર, એવી કોઈ વાત ન કરતાં આ સમકાલીન કાશ્મીરી નારી શેની વાત કરે છે? માનવસંબંધના તૂટવાની વાત, સાવ અંગત વાણીના હિંસ્ર અત્યાચારની વાત : પુરુષ સ્ત્રીને કહે છેઃ ''સાવ પડતર જમીન છે તું તો.'' આ નિકટતમ અને સહુથી વધારે વિધ્વંસક હિંસકતાની વાત આ કવિએ અહીં માંડી છે. નિકટતમ માનવસંબંધમાં પેસી ગયેલી હિંસકતાની વાત.

વાત વંધ્યત્વની છે. પતિ સ્ત્રીની છાતીમાં વાણીનું ખંજર હુલાવે છે : 'તું વાંઝણી છો.' પણ આ વંધ્યત્વ કોનું છે? એક સ્ત્રીનું? કે એને એ રીતે પીડનાર પતિનું? કે માનવસંબંધનું? રાજકીય અને ધાર્મિક અત્યાચારોના મૂળમાં માનવસંબંધોમાં પેઠેલું આ વંધ્યત્વ છે, મૂળિયામાં પેઠેલો આ સડો છે, એમ અહીં સૂચવાયું છે. 'પરબ'ના સપ્ટેંબર ૨૦૧૯ના અંકમાં આ જ કવિની જે કૃતિ વાંચી, એમાં તો 'બારૂદી સુરંગો' અને 'બંદૂકોની ગોળીઓ' વડે ભરખાયેલા કાશ્મીરી જુવાનોના અપમૃત્યુ અંગેના એમની માતાઓ, પત્નીઓ, નારીઓના શોકની કવિતા હતી. એ સપાટી છોડી હવે નિગહત સાહિબા ઘણે ઊંડે જઈ એક અલગ અવાજમાં વાત કરે છે. માનવસંબંધ તૂટ્યા જો, તો કઈ સત્તાનું. કઈ સમશેરનું કયું માળખું અકબંધ રહેવાનું ?

*

હવે વિલાપ નથી. અરે, આંસુનાં બે ટીપાં પણ પડતાં નથી. કવિ કહે છેઃ 'આંસુનું જે ટીપું ટપક્યા વગર અંદરનું અંદર રહ્યું તેનું એક મોતી બન્યું.' આ પંક્તિ આ કાવ્યની નિયામક પંક્તિ હોય, એવું જણાય છે. અને બીજું આંસુ? કવિ કહે છે : 'જે ટીપું બહાર આવ્યું એની બની એક નદી.' આ પંક્તિ કાવ્યની મુક્તિદાતા, ગતિપ્રદા પંક્તિ હોય, એવું જણાય છે. નિયામક પંક્તિ એક સીમાંકન કરે છે, બીજ રોપે છે. મુક્તિદાતા પંક્તિ એક સીમોલ્લંઘન સૂચવે છે, ત્યાં એક ફણગો ફૂટે છે. પહેલી પંક્તિ આ કાવ્યને મુખરતામાંથી બચાવે છે, બોલકી પદ્યરચનાઓથી અલગ તારવે છે. બીજી પંક્તિ એને સાચી રવાનીભરી કાવ્યબાની સંપડાવી શકે છે. કવિ કહે છે કે હવે નારીનાં નેત્રમાંથી જે એક જ અશ્રુબિંદુ બહાર આવશે, એની તો એક નદી બની જશે.

'નિગહત' શબ્દ અરબી અને ઉર્દૂ ભાષાનો છે. અરબી ભાષામાં એનો અર્થ થાય છે, 'દૃષ્ટિ', 'નજર'. 'નિગાહ' શબ્દથી આપણે પરિચિત છીએ. હેમંત દવે કહી શકે કે 'નિગહત' અને 'નિગાહ' એ બે શબ્દોનો સંબંધ હોય તો શો? કાવ્યસાક્ષીએ આપણે કહી શકીએ કે આ નિગહત સાહિબા નેત્રવતી નારીકવિ છે. સાચું તો એ છે કે નારી સહુ નેત્રવતી હોય છે. એની આંખો બધું જોઈ શકે છે, પોતાનાં આંસુને આંખોની પાછળ રાખી શકે છે. એટલે, એમાંથી એક જ આંસુ બહાર આવે, તો એની એક નદી બની શકે. એવી દરેક નદીનું નામ નેત્રવતી હોઈ શકે.

નદીનું આ કલ્પન જરા થંભીને નીરખો. પહેલી જ પંક્તિમાં નારીને બંજરભૂમિ કહી છે. અને હવે એને રસાળ બનાવતી આ નદી. 'અંસુવન જલ સીંચ સીંચ પ્રેમબેલી બોઈ' એમ નિગહતનાં મહાન પુરોગામી ભારતીય કવિ મીરાં કહી ગયાં છે, એ ગુજરાતી વાચકને યાદ આવે. માનવસંબંધોના વંધ્યત્વની, બલ્કે વિષમયતાની વાત મીરાંએ કરી છે; નિગહતે પણ.

એટલે જ એ પછીની પંક્તિઓ આ આપણી સમકાલીન કાશ્મીરી ભારતીય કવિને ભારતની અણનમ છતાં આર્દ્ર એવી ભક્તિ-સૂફી પરંપરાના સહૃદય અને સંઘર્ષશીલ કવિઓની ધારા સાથે જોડતી જણાય છે. એ કહે છેઃ 'હું તો હાથમાં એક મશાલ લઈ, સળગતી, /ઘૂમું વાડ પછી વાડ ઠેકતી એક પછી એક વંડાઓમાં.' નરસિંહ મહેતા યાદ ન આવે? દિવેટિયો, બધી વાડો વટાવીને દામોદર કુંડથી અછૂતવાસમાં જતો એ આપણો મશાલધારી આદિકવિ? આજની એક કાશ્મીરી કવિ જુદા જુદા વંડાઓને ઠેકીને ઘૂમવાની વાત કરે એના રાજકીય-ધાર્મિક સૂચિતાર્થો કેવા હોય અને એવી વ્યંજનાભરી પંક્તિઓ લખવા માટે એવી સાહસિકતા હોવી જોઈએ, એ આજનો વાચક સમજે છે.

જાણે 'એવા રે અમો એવા' કહેતી હોય એમ નિગહત લખે છે : 'ડાઘ પાડ્યા એમણે મારા અંગે જે, એ બન્યા મારો પોશાક. / આ અજંપો મારો પોતાનો છે હવે, આ પીડા મારી પોતીકી છે.' અને પછી કહે છે : 'સત્યનો જે ગજ, એય મારો પોતાનો જ.' 'ધ સ્ટાન્ડર્ડ ઑફ ટ્રુથ' એવા અંગ્રેજી અનુવાદના શબ્દોના ગુજરાતી અનુવાદમાં 'સત્યનો

જે ગજ' એવા શબ્દ, 'માનદંડ' કે એવા કોઈ શબ્દને બદલે, મેં સકારણ પસંદ કર્યા છે. પરમ નિર્ભય, પરમ સંઘર્ષશીલ એવા ગાંધીની યાદ આવે એટલા માટે. એ પછી જે પંક્તિઓ આવે છે એ તો આ કાશ્મીરી કવિને અનેક ધર્મોના અને સત્તાઓના રૂઢિચુસ્તોની ખફગીનો ભોગ બનાવે એવી છે. નિગહત સાહિબા કહે છેઃ 'ઈવની બહેન એ હું, હું જ તો ઈશુની માઁ,/ મને કોઈએ જન્મ નથી આપ્યો, મેં જન્મ આપ્યો છે કેટલાયે પયગંબરોને.'

પછી આદિકવિ વાલ્મીકિથી આજ સુધીના સાચા સર્જકો વતી જાણે કે આ કવિ કહે છેઃ 'જ્યાં જ્યાં કાંટા ભોંકાયા મને, ખીલવી લીધા ત્યાં મેં કુસુમો. / જ્યાં થયા મને ઘાવ, ત્યાં ટશિયે ટશિયે પ્રગટી મારી કવિતા.' આ પંક્તિની વેધક સુંદરતા વાચકને વીંધ્યા વિના ન રહે ! - અને રૂઝવ્યા વિના.

*

હવે પછીની ચાર પંક્તિઓ જો આ રચનામાં ન હોત તો એ રચનાના ઉત્તરાર્ધમાં જે 'હાઈ પિચ' વરતાય છે, બાનીનો જે તારસ્વર સંભળાય છે, એ આ કાવ્યને થોડીક તો ક્ષતિ પહોંચાડત, એકાદો 'કાવ્યદોષ' તો થાત, કિંચિત્ ! ઊંચે અવાજે બોલાયેલી એ પંક્તિઓ પછી સાંભળીશું, પણ પહેલાં કવિએ ઝીણી ઝીણી વણેલી આ પંક્તિઓનું માર્દવ માણો : 'આ મારું બાપડું હૃદય, મારું આ ખસ્તાહાલ દિલ, / પીડાભર્યાં મારાં લોચન, મારું વાંઝણું આ શરીર, / પીડાનો ગરભ ધારણ કરે એ તો, ધારણ કરે જીવનનાં જળ.' એક અંધત્વ માટે જે વાંઝણું છે એ શરીર જો જોતાં આવડે તો ગાભણું છેઃ પીડાનો ગરભ એ ધારી શકે છે. એ ક્ષમતા વિના માણસ કાં તો દેવ બની જાય, કાં તો દાનવ. માણસ નારીની એ શક્તિ વિના માનવ ન બની કે રહી શકે. સમકાલીન કાશ્મીરી વાસ્તવને પહેચાણનારી આ કવિ સૂચવે છે કે પીડાનો ગરભ ધરી, વહી શકવાની આપણી અક્ષમતા આખા દક્ષિણ એશિયાની, બલ્કે આજના જગતની ભયાનકતાનું મૂળ કારણ છે. કઈ પીડા? 'વૈષ્ણવજન તો તેને રે કહિયે જે પીડ પરાઈ જાણે રે,' એ પીડા.

નિગહત સાહિબા વાસ્તવદર્શી કવિ છે, નરી સેન્ટિમેન્ટલ કે મેન્ટલ શાયર નથી. એટલે એ તરત ઉમેરે છે : 'એ કશું બદલાશે નહીં'. અને એક મજબૂત કવિ કહે એમ ફરી ઉમેરે છેઃ 'ભલે ન બદલાય.' પછી હળવેકથી ઉમેરે છેઃ 'હું તો હમણાં જ સળગાવેલી મીણબત્તી છું.' બોરિસ પાસ્તરનાકની 'અ કૅન્ડલ વોઝ બર્નિન્ગ' નામની (ડૉ. ઝિવાગો નવલકથામાં 'યુરી ઝિવાગોનાં કાવ્યો' એ શીર્ષક સાથે છપાયેલી) રચના યાદ આવે. એ રચનામાં રશિયાના ભયંકર શિયાળાનું આલેખન છેઃ 'ધ સ્નો સ્વેપ્ટ થ્રુ ધ લૅન્ડ / ટુ ધ એન્ડ ઑફ ધ અર્થ./ ઑન ધ ટેબલ અ કૅન્ડલ / અ કૅન્ડલ વૉઝ બર્નિન્ગ'. // 'હિમવર્ષા પથરાઈ ગઈ'તી જમીન પર /ધરતીના છેક છેડા સુધી / ટેલબ ઉપર એક મીણબત્તી / એક મીણબત્તી બળતી હતી.')ઝંઝાવાતી સ્નોથી છવાયેલા રશિયાના અફાટ મેદાનમાં ભટકતા , મરણતોલ થાકેલા યુરી ઝિવાગોને દૂરથી દેખાતા એ મેદાનોની કોરે આવેલા લારાના મકાનની બારીના બંધ કાચમાંથી એક મીણબત્તી સળગતી દેખાય, એ પાસ્તરનાકે સરજેલું અમર કલ્પન. સ્નેહની જ્યોત, સ્નેહની હૂંફ જેવી લારા પેલા ટાઢાબોળ નરક જેવા હિંસક

રશિયામાં મરણતોલ થાકેલા યુરી ઝિવાગોને જીવતો રાખે છે, ન કોઈ ચર્ચની શણગારેલી મીણબત્તીઓ. 'દયા હતી ના, નહીં કોઈ શાસ્ત્ર/ હતી તહીં કેવળ માણસાઈ.' ગુજરાતી કવિ 'શેષ'ની આલેખેલી એ કેવળ માણસાઈની કવિતા આ કાશ્મીરી કવિ કહે છે.

કોઈ ઝંડા નથી લહેરાવ્યા, ન કોઈ સ્લોગન. કોઈ કહેતાં કોઈ પર દોષારોપણ કર્યું, એક નેત્રવતી (નિગહત) નારીકવિ જ માર્દવ અને મરદાનગીનો સમન્વય જે રીતે કરી શકે એ રીતે આ રચના આગળ વધે છે. 'આ મારું ખસ્તાહાલ દિલ, આ મારું વાંઝણું શરીર' – આપને તો એ શા કામનાં? પણ કાવ્યનાયિકા, આ રચનામાં આલેખાયેલી આજની કાશ્મીરી ભારતીય નારી ભલે વાંઝણી ગણો તોયે ગર્ભ ધારણ કરી શકે છેઃ 'પીડાનો ગર્ભ.' સહુની પીડાને, આજના એ સમગ્ર પ્રદેશની પીડાને, એ ધારણ કરી શકે છે અને એની આસપાસ પાથરી શકે છે 'જીવનનાં જળ'. એ છે એનું ત્રીજું આંસુ. એક ભલે થયું મોતી, બીજું ભલે બન્યું નદી. આ ત્રીજું આંસુ માતાના ગર્ભમાં જીવનનું જળ બને છે.

જોકે આ કવિને સસ્તો અને જાણીતો આશાવાદ પસંદ નથી. એવાં આશ્વાસનો આપવાં એ કવિનું કામ નથી. 'યથાર્થ જ સુપથ્ય એક.' એટલે એ કહે છે : 'કશું બદલાશે નહીં; ભલે ન બદલાય.' કવિતા કંઈ 'અ ક્રેશ કૉર્સ ટુ ઑપ્ટિમિઝમ' નથી. સાધના છે, 'પલાંઠી', ગુજરાતી કવિ નલિન રાવળ કહે છે એમ : 'પાલવે તો લગાવો, નહીં તો પેલે છાપરે જઈ પતંગ ચગાવો.' જાતજાતના પતંગોથી, તુક્કલોથી અને સળગતાં ફાનસોથી દિવસરાત આપણું આકાશ ભરાઈ, અટવાઈ ગયું છે. પંખી ઊડે તો પાંખો કપાય, એવા કાચ પાયેલા દોરાઓ પર.

પણ કવિકર્મ એટલે શું એ આ કવિ જાણે છે. એ શાંતિથી કહે છે : 'હું હમણાં જ સળગાવેલી મીણબત્તી છું.' આમ એ સહેજમાં પીગળી જાય, પણ એને અડકો તો દાઝી જાઓ.

. . .

શું કાશ્મીરનો કે શું કલકત્તાનો, શું ગંગાજમની દોઆબનો કે શું ગાંધીનગર-અમદાવાદનાં રાજ્યસત્તા અને ધનસત્તાનાં આપખુદ સત્તાકેન્દ્રોનો – આજનો પ્રજાને સતાવતો સવાલ એ છે કે કેમ જેમના હાથમાં ધારદાર સમશેર છે એઓ પેલા સૂરજના અને આ નદીના માલિક થઈને બેઠા છે? સૂરજ જ્યારે એ સત્તાઓની મિલકત બની જાય ત્યારે કવિતાએ સળગતી મીણબત્તીનું કામ કરવું પડે.

અને વહેતી નદીનું. નિગહત સાહિબા પોતાના એક આંસુને નદી ગણે છે. ગતાંકે જોયું તેમ, બીજો કાશ્મીરી કવિ, આમીર વાની કહે છેઃ 'આશા રાખું છું કે તું જાણતી હોય / કે આપણી જેલમ નદી હાલ કરફ્યૂમાં છે.'

હાસ્ય અને અશ્રુ પર પહેરો બેસી જાય, એ શક્યતાને માણસજાતે ખુલ્લી આંખે અને દૃઢબંધ હોઠે હમેશાં પડકારી છે. એ પડકારનું નામ કવિતા, અપરનામ કલા.

*

હવે કવિનો અવાજ એકદમ બદલાય છે. પેલા બંગાળી કવિ કાઝી નઝરૂલ

ઈસ્લામની 'શૉર્બનાશી' દેવી કાલી બોલતી હોય એમ આ કાશ્મીરી કવિ પડકારે છે : 'પણ જેમના હાથમાં ધારદાર સમશેર છે, એમને કહેવાનું : / હું ટકી રહીશ છેવટ સુધી. / રોજ રોજ ભલે એ કતલ કરે મારી, / રોજ રોજ નવો નવો જનમ લેતી જોશે એઓ મને. / સૂરજ, પેલો, એ હોય ભલે તમારી માલિકીનો, / આ નદી, એયે ભલે હોય તમારા તાબામાં, / અને પેલી સમશેર, તીખા ઝંઝાવાત જેવી, એયે ભલે હો તમારી.'

અણનમ છે, આ આપણી સમકાલીન ભારતીય કવિ. 'છેવટ સુધી'. એવું તે શું બળ છે એની પાસે? નારી અથવા કવિ જ કહી શકે એમ આ નારીકવિ કહે છે : 'હું તો મારે છું દેવદારનું તરુ, પોતાની જાતે જ પાંગરતું. / હું કંઈ વસંત ઋતુમાં ખીલનારી વેલી નથી. / એટલે નથી હું પાનખરમાં કરમાનારી નથી.' રચનાની શરૂઆતમાં એને 'બંજર ભૂમિ' કહેનારને આ નારી રચનાને અંતે આ જવાબ વાળે છે અને આ કાવ્યને એનો અનોખો ઘાટ મળે છે.

ભૂલી ન ભુલાય એવી છેલ્લી ત્રણ પંક્તિઓ છેઃ 'હું રોઉં પણ ખરી, હસીયે પડું ખડખડાટ. / લેકિન, અય મેરે માલિક, / તારાં કોમળ કિસલયો કરતાં કંઈ જ્યાદા જોરથી હું ખીલી શકું છું, તારી કસમ,

-- કોઈ પણ વિવેચકે આમાં હવે શું ઉમેરણ કરવાનું રહ્યું?! કોઈ કરે તો બાદબાકી થાય . . .

લૉસ ઍન્જેલસ
૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૯

❑